દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૫૯ વર્ષ
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
શનિવાર ૬ ઓગસ્ટ, ૨૦૨૨

# દેશની મોટી કંપનીઓ તેમની પાસેના જમા નાણાં બજારમાં ફરતા કરે તો રેપોરેટ વધારવો નહીં પડે

છેલ્લા કેટલાક સમયથી ભારતમાં વધી રહેલી મોંઘવારી હજુ પણ કાબુમાં આવી નથી. ફુગાવો સતત વધી જ રહ્યો હોવાને કારણે આરબીઆઈએ ફરી વખત રેપોરેટમાં 0.50 ટકાનો વધારો કર્યો છે. આ આરબીઆઈની રેપોરેટ વધારવાની હેટ્રિક છે. જે રીતે આરબીઆઈ દ્વારા ત્રીજી વખત રેપોરેટમાં વધારો કરવામાં આવ્યો તેણે બતાવ્યું કે મોંઘવારી હજુ પણ વધી જ રહી છે અને તે આર્થિક રીતે ભારતને નબળું પણ બનાવી રહી છે. કોરોનાની મહામારી બાદ ભારતની આર્થિક સ્થિતિ સુધરવાને બદલે સતત બગડી જ રહી છે. દેશના અર્થતંત્રને ટકાવી રાખવા અને સાથે સાથે તેને મજબૂત કરવા માટે આરબીઆઈ દ્વારા ઢીલી મોનિટરી પોલિસી લાગુ કરવામાં આવી હતી પરંતુ તેની અવળી અસરને જોતાં હવે રેપોરેટ વધારવાની નીતિ અપનાવવામાં આવી છે. જે રીતે સમગ્ર વિશ્વમાં કોરોનાની મહામારી બાદ માંગ ઉંચકાઈ છે તેને કારણે મોંઘવારી માઝા મુકી રહી છે.

મોંઘવારીને ડામવા માટે ભારતની સાથે સાથે વિશ્વની અનેક સેન્ટ્રલ બેંકો દ્વારા વ્યાજદરોમાં વધારો કરવામાં આવી રહ્યો છે. હજુ ગયા અઠવાડિયે જ અમેરિકાના ફેડરલ રિઝર્વ દ્વારા અમેરિકાનો 28 વર્ષનો અત્યાર સુધીનો સૌથી મોટો બીજા ક્રમનો વ્યાજદરનો વધારો કરવામાં આવ્યો હતો. અમેરિકા બાદ બેંક ઓફ ઈંગ્લેન્ડ દ્વારા પણ વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો હતો. વિશ્વમાં વધી રહેલા વ્યાજદરને કારણે ભારતની રિઝર્વ બેંક દ્વારા પણ રેપોરેટમાં વધારો કરવા માટે બેઠકો કરવામાં આવી હતી અને શુક્રવારે વ્યાજ દરમાં વધારાની જાહેરાત કરવામાં આવી હતી. માર્ચથી શરૂ કરીને અત્યાર સુધીમાં આ ત્રીજી વખત રેપોરેટમાં વધારો કરવામાં આવ્યો છે. રિઝર્વ બેંક દ્વારા રેપોરેટમાં વધારા સાથે હવે રેપોરેટ 5.40 થયો છે. આટલો રેપોરેટ કોરોનાની મહામારી પહેલા હતો. નિષ્ણાંતોને એવી અપેક્ષા હતી કે રિઝર્વ બેંક દ્વારા મોનિટરી પોલિસીમાં 0.35 ટકાનો વ્યાજ દરનો વધારો કરવામાં આવશે, પરંતુ રિઝર્વ બેંક દ્વારા સીધો 0.50 ટકાનો વધારો કરાયો છે.

રિઝર્વબેંક દ્વારા રેપોરેટરની સાથે એસડીએફ પણ વધારીને 5.15 ટકા કરવામાં આવી છે. એમએસએફના દરમાં પણ 0.50 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. રિઝર્વ બેંક દ્વારા નાણાંકીય વર્ષ 2023 માટે દેશનો વૃદ્ધિદર 7.20 ટકા રહેશે તેવું અનુમાન કરવામાં આવ્યું છે. રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસના કહેવા પ્રમાણે દેશમાં મોંઘવારીમાં હજુ પણ વધારો થશે પરંતુ તે અંકુશની બહાર નહીં હોય. જોકે, જે રીતે આખા વિશ્વની હાલત છે અને તેમાં પણ ભારતમાં આયાત-નિકાસની વચ્ચેની ખાઈ, બેંકોમાં જમા થઈ રહેલા નાણાંને જોતાં મોંઘવારી કાબુમાં રહે તેવી શક્યતા ઓછી છે. આખા ભારત દેશમાં હાલમાં સ્થિતિ એવી છે કે મોટા ઉદ્યોગકારો કરોડો કમાઈ રહ્યા છે. જ્યારે નાના વેપારીઓની હાલત ખરાબ છે. ધંધા-રોજગારમાં આ પરિસ્થિતિમાં એવું થઈ રહ્યું છે કે મોટી કંપનીઓ નાણાં કમાઈને બેંકોમાં જમા કરી રહી છે. જેને કારણે નાણાં ફરતાં નથી અને મંદીનો માહોલ દિવસેને દિવસે ઘેરો બની રહ્યો છે.

ભૂતકાળમાં જ્યારે મનમોહનસિંહ વડાપ્રધાન હતા ત્યારે એક કાર્યક્રમમાં તેમણે મોટી મોટી કંપનીના ચેરમેન તેમજ સીઈઓને તેમની કંપનીમાં પડેલા નાણાં બજારમાં ફરતા કરવા માટે કહ્યું હતું. આર્થિક બાબતોના નિષ્ણાંત મનમોહનસિંહની તે સમયની દૂરદર્શિતા આજના સમયમાં નથી. જો દેશની મોટી કંપનીઓ દ્વારા નાણાં બજારોમાં ફરતાં કરવામાં આવે તો મોંઘવારી પર કાબુ આવે તેમ છે. આ માટે જોકે, સરકાર અને મોટી કંપનીઓએ સાથે જાગૃતિ બતાવીને નાણાંની તરલતા વધારવી પડશે. જો તેમ થશે તો બની શકે છે કે ભારત ધીરેધીરે આવી રહેલી વૈશ્વિક મંદીને પણ અગાઉની જેમ પાર કરી જશે તે નક્કી છે.

## જીવનની સફર

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

એક દિવસ ગુરુજીએ શિષ્યને પૂછ્યું, ‘ચાલો, આજે વાત કરીએ જીવનની સફરની.બધા અહીં પૃથ્વીની સફરે આવ્યા છીએ અને દરેકની સફર જુદી જુદી હોય છે.અનુભવ જુદા જુદા હોય છે, પણ આ જીવનની સફરનો સાર એક જ હોય છે.’ બધા શિષ્યો આવી વિરોધાભાસી વાત સાંભળીને મૂંઝાઈ ગયા.થોડી વાર કોઈ કંઈ બોલ્યું નહિ.ગુરુજી માર્મિક હસ્યા અને બોલ્યા, ‘કોઈને કંઈ પૂછવું છે? કે બધાં સમજી ગયા છો મારી વાત.’ એક શિષ્યે હિંમત કરીને પૂછ્યું: ‘ગુરુજી હમણાં તમે જ કહ્યું કે બધાના જીવનની સફર જુદી જુદી હોય છે.બધાનું જીવન જુદું જુદું હોય છે.બધાના જીવન વિશેના વિચારો જુદા જુદા હોય છે.બધાની આવડત અને લાયકાત જુદી જુદી હોય છે.બધાની જીવન જીવવાની રીત જુદી જુદી હોય છે તો બધાના જીવનની સફરનો સાર એક જ કઈ રીતે હોઈ શકે?’ બીજા શિષ્યે પૂછ્યું , ‘ગુરુજી , એક રાજા અને એક ગરીબના જીવનની સફરનો સાર તો અલગ જ હોય ને. ગુરુજી તમે ગુરુ અને અમે તમારા શિષ્ય, તમે જે શીખવાડો,જેમ શીખવાડો તે અમે શીખીએ તો પછી તમારી જીવનસફર અને અમારી જીવનસફરનો સાર એક કઈ રીતે થઈ શકે? એક પછી એક શિષ્યો આવો જ પ્રશ્ન કરવા લાગ્યા.ગુરુજીએ શાંતિથી બધાના પ્રશ્નો સાંભળ્યા અને પછી બધાને કહ્યું, ‘જુઓ, તમારા આટલા બધા સવાલ છે અને હું એક જવાબ આપીશ અને બધા મનના પ્રશ્નો દૂર કરી દઈશ.હવે તમે હું પૂછું તે પ્રશ્નના જવાબ આપો. સૌથી પહેલાં દરેક માણસ જન્મે તે દિવસથી ઇચ્છાઓના વર્તુળમાં ફરે છે હા કે ના?’ શિષ્યો બોલ્યા, ‘હા ‘ગુરુજીએ આગળ પૂછ્યું, ‘મારો બીજો પ્રશ્ન છે કે એક ઈચ્છા પૂરી થાય તો દરેક માણસના મનમાં બીજી ઈચ્છા જાગી જ જાય છે બરાબર હા કે ના?’ શિષ્યોએ હકારમાં ડોકું હલાવ્યું. ગુરુજીએ આગળ પૂછ્યું, ‘કોઈ પણ માણસ હોય, ઈચ્છા પૂરી થાય તો નાચી ઊઠે છે અને ઈચ્છા પૂરી ન થાય તો દુ:ખી થઈ જાય છે ખરું ને, એટલે માણસ જીવનમાં કંઈ ને કંઈ મેળવવા દોડે છે અને ન મળે કોઈ વસ્તુ તો તે દુ:ખી રહે છે. કોઈ વસ્તુ મળી જાય તો બે ઘડી ખુશ થઇ જાય છે અને પછી તે મળ્યા બાદ ખોવાઈ ન જાય, તેમાં ચિંતા કરે છે.ગરીબ હોય કે તવંગર , રંક હોય કે રાજા ,ગુરુ હોય કે શિષ્ય, જ્ઞાની કે અજ્ઞાની દરેક માણસના જીવનની સફરનો સાર આ જ છે. વસ્તુ ન મળે તો બેચેની અને મળી જાય તો ખોવાઈ જવાના ડર વચ્ચે જ વીતે છે જીવનની આખી સફર.’શિષ્યોના મનના દરેક પ્રશ્નનું ગુરુજીએ સમાધાન કરતાં સમજાવ્યું અને આગળ કહ્યું, ‘ઈચ્છારહિત બનવું તો લગભગ અશક્ય છે, પણ બને ત્યાં સુધી મનની ઇચ્છાઓને કાબૂમાં રાખવી અને મનગમતું મળે તો ખુશી અને ન મળે તો સ્વીકાર કરી આગળ વધતાં રહેવું,’ગુરુજીએ શિષ્યોને જીવનની સફરનું સત્ય સમજાવ્યું.

### મોર્નિંગ મહેફિલ

**બધીય વસ્તુ તમે વાંચી શકો છો મનથી**
**છતાં ય આખ મૂકો છો કે એ કિતાબ નથી**
**- હરીશ મીનીશ્રુ**

# કોંગ્રેસનો જીવસટોસટનો જંગ

## રાજધાનીના અંતરંગ

**અનિલ આનંદ**

**કોંગ્રેસની અનિર્ણાયકતાથી પક્ષને અન્ય રાજયોમાં પણ પારાવાર નુકસાન થયું છે અને પક્ષના ટોચના નેતાઓએ સમજવું પડશે કે હજી પણ અનિર્ણાયકતા ચાલુ રહેશે તો અસ્તિત્વની લડાઈમાં હજી નબળા પડશે. સપ્ટેમ્બર / ઓકટોબરમાં પક્ષના પ્રમુખ બદલવાથી અને સંગઠનની ચૂંટણી કરવાથી ફેર નહીં પડે. હવે તાકાત ખરીદવાનો સમય નથી. કચરો સાફ કરો અને પક્ષને સાફસુથરો રાખો. યોગ્ય પદ પર યોગ્ય માણસને બેસાડો**

કોંગ્રેસ માટે અભૂતપૂર્વ રીતે જીવસટોસટનો જંગ ચાલી રહ્યો છે.

એક તરફ મોદીની આગેવાની હેઠળના ભારતીય જનતા પક્ષ તરફથી ગાંધી પરિવારને નિશાન બનાવી કોંગ્રેસ પર છોડાતા તોપના ગોળા પૂરતા ન હોય તેમ કોંગ્રેસના જ પક્ષના કેટલાક નેતાઓ પોતાનું અસ્તિત્વ ટકાવવા અથવા કોંગ્રેસના કળણમાંથી બહાર નીકળવા માટે લડી રહ્યા છે.

નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર સોનિયા ગાંધી પર સી.બી.આઇ. એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ અને આવકવેરાનો સાણસો મજબૂત કરી રહી છે ત્યારે હવે નામશેષ થઈ ગયેલા ૨૩ બળવાખોરોના કોંગ્રેસી જૂથના ભૂતપૂર્વ સભ્યો અને કોંગ્રેસના કહેવાતા નેતાઓ અસ્તિત્વનો સંઘર્ષ કરી જીવસટોસટની લડાઇ લડી રહ્યા છે. તેમની લડાઇ કોંગ્રેસને બચાવવાની છે અને કોંગ્રેસમાં માનભર્યા હોદ્દાની છે અથવા તે પક્ષને માનભેર સ્થાન આપવાની છે.

કોંગ્રેસ પક્ષ આટલી ખરાબ પરિસ્થિતિમાં કયારેય મૂકાયો ન હતો. પક્ષ તેના સુખના દહાડામાં પણ એકતા હાંસલ કરી શકયો ન હતો, પણ હવે લાગે છે કે બળવાખોર નેતાઓને સમજ આવી છે. તેઓ એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટની તપાસમાં પોતાના નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની પડખે ઊભા રહ્યા છે.ઉદયપુરના ચિંતન શિબિર પછી એક નોંધપાત્ર પરિવર્તન એ આવ્યું કે મહાસમિતિના પત્રકારો સાથેના સંબંધોનો વિભાગ પરિણામ બતાવવા માંડયો છે. પરિણામે ભારતીય જનતા પક્ષ પત્રકારો અને સોશ્યલ મીડિયા દ્વારા જે જુઠાણાં ફેલાવે છે તેનો પ્રતીતિકર જવાબ આપી રહ્યા છે અને પક્ષને પ્રસાર માધ્યમો અને જાહેર પ્રસારમાં થોડું અસરકારક સ્થાન મળ્યું છે. પણ હજી પક્ષની નિર્ણાયક શકિતમાં ખાસ કંઇ ફેરફાર થયો નથી.

પક્ષના ખાસ કરીને મોવડીમંડળની સુસ્તીનો સમયગાળો પૂરો થયો છે અને ઝડપી નિર્ણયો લેવાશે એવા ઉદેપુરના ચિંતન શિબિરનો નિર્ધાર આશાનું કિરણ બની ગયો હતો પણ બે મહિના પછી પણ ખાસ કંઇ તફાવત જણાયો નથી.

પક્ષની અનિર્ણાયકતાએ કેટલાંક મહત્ત્વાકાંક્ષી નેતાઓના મનમાં અનેરી આશા જગાવી છે અને જેઓ શિસ્તના અનુયાયી બન્યા તેમના ખમીરમાં ઘટાડો થયો. ભારતીય જનતા પક્ષને અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બીજું શું જોઈએ? તેમણે તો વંશીય રાજકારણના નામે સોનિયા અને રાહુલની ગરદન પકડી છે.

પક્ષના અખબાર ‘નેશનલ હેરોલ્ડ’ પર એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટના દરોડા અને દિલ્હી પોલીસના કોંગ્રેસના વડા મથક પરના સકંજા માટે એકતાનો ખાસ્સો અભાવ સૂચવે છે. પક્ષના કાર્યકરો અને નેતાઓ પોતાના મતભેદો દફનાવી નથી શકતા. આમ છતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ‘કોંગ્રેસ મુકત’ ભારતની ભીંસ અને સોનિયા ગાંધી પરિવારને નિશાન બનાવવાની વૃત્તિ સામે પક્ષ થોડીક તો એકતા બતાવી શકયો છે. છતાં કર્ણાટક, ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, કેરળ, આસામ અને બળવાખોર નેતા ગુલામનબી આઝાદના વતન જમ્મુ-કાશ્મીરમાં પક્ષની એકતા ભડકે બળે છે. આ અજંપાના મૂળમાં પક્ષના મોવડીમંડળની અનિર્ણાયકતા રહેલી છે. તેઓ સમયસર નિર્ણય લેતાં પક્ષના અસંતુષ્ટો સામે લાલ આંખ કરી કહેવાય. એક તરફ અસ્તિત્વ માટેની લડાઇ અને નિર્ણાયકતા જોડાજોડ રહેવા જોઈએ. પક્ષમાં કાબેલ માણસોની કદર થવી જ જોઈએ, એકતાના પ્રતીક તરીકે ગુલામનબી આઝાદથી બહેતર કોણ હોઈ શકે?

એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ સામેના પક્ષના દેખાવોમાં તે હિંમતભેર ઊભા રહ્યા હતા. બળવાખોરોના અન્ય એક નેતા આનંદ શર્મા પણ સોનિયાના ટેકામાં ઊભા રહ્યા હતા.

આઝાદ બળવાખોરીનો મૃત્યુ ઘંટ વગાડી બે વર્ષે પક્ષના વડા મથકે પાછા ફર્યા છે. તેમણે બળવો કરવામાં થાપ ખાધી હતી અને ગાંધી પરિવાર પાસેથી શાંતિ ખરીદી. તેમને ખબર પડી ગઈ હતી કે કોંગ્રેસની બહાર તેમનું કોઈ ભવિષ્ય નથી. પક્ષના મોવડીમંડળે પણ જમ્મુ-કાશ્મીરમાં આઝાદની સર્વોપરિતાને માન્યતા આપી છે. કોંગ્રેસની અનિર્ણાયકતાએ જમ્મુ - કાશ્મીરમાં પક્ષને પારાવાર નુકસાન કર્યું છે.

બદલાયેલી રાજકીય બંધારણીય પરિસ્થિતિને કારણે પક્ષે જમ્મુ-કાશ્મીરમાં અનેક પડકારોનો સામનો કરવો પડશે.

કોંગ્રેસની અનિર્ણાયકતાથી પક્ષને અન્ય રાજ્યોમાં પણ પારાવાર નુકસાન થયું છે અને પક્ષના ટોચના નેતાઓએ સમજવું પડશે કે હજી પણ અનિર્ણાયકતા ચાલુ રહેશે તો અસ્તિત્વની લડાઈમાં હજી નબળા પડશે. સપ્ટેમ્બર / ઓકટોબરમાં પક્ષના પ્રમુખ બદલવાથી અને સંગઠનની ચૂંટણી કરવાથી ફેર નહીં પડે. હવે તાકાત ખરીદવાનો સમય નથી. કચરો સાફ કરો અને પક્ષને સાફસુથરો રાખો. યોગ્ય પદ પર યોગ્ય માણસને બેસાડો.

એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટના પગલાંથી પ્રસાર માધ્યમોમાં સ્થાન મળ્યું છે તેનો ઉપયોગ કરો. પરિવર્તનની દુનિયાને જાણ કરો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ગુજરાતના નવા મુખ્યમંત્રીનું નામકરણ: ભયભીત કોણ? ભાજપ કે આમઆદમી?

## ગુજરાત ૩૬૦

**સુકુમાર નાણાવટી**

ઠેર ઠેર ચાલી રહેલી ત્રિરંગાયાત્રાને પગલે ગુજરાત ત્રણ ત્રણ રંગે રંગાઇ રહ્યું છે. કેસરી રંગ ભાજપનો અને લીલો રંગ કોંગ્રેસનો માનીએ તો પણ વચમાં સફેદ રંગ છે. કેજરીવાલની આમઆદમી પાર્ટીવાળા પણ સફેદ ટોપીઓ પહેરીને દૃષ્ટિગોચર થાય છે. અરવિંદ કેજરીવાલે જાણે ગુજરાતનો ગઢ જીતવાનું ઠાની લીધું હોય એમ જાતભાતની વાતો લઇને અઠવાડિયે ને અઠવાડિયે ગુજરાતના પ્રવાસો ખેડી રહ્યા છે. ભાજપની સામે જાતભાતના પેંતરાઓ અજમાવવા જઇ રહ્યા છે. હમણાં એમણે સીધો વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સામે એક જોરદાર ગોળો ગબડાવ્યો. શું એ સાચું છે કે અમિત શાહને ગુજરાતની વિધાનસભાની આગામી ચૂંટણીમાં મુખ્ય મંત્રીપદનો ચહેરો બનાવવાનું ભાજપ વિચારી રહ્યો છે? - એવી વાત ઉડાડીને વિવાદનો નવો મધપૂડો છંછેડવાનો પ્રયાસ કર્યો છે. જે પાર્ટી કે જે નેતા રાજ્યની ચૂંટણીમાં કાઠું કાઢવાના મકસદનો હોય એ સામી ચૂંટણીએ આવા ગોળા ગબડાવે ખરો? સુજ્ઞ લોકોને વિચારતા કરી મૂકે એવી આ વાત છે. હજુ ચૂંટણીના નગારે ઘા ઝીંકાયો નથી, ત્યાં આવી વાત કરવા પાછળનો એમનો ઇરાદો શું લાગે છે? તેઓ જે રીતે ગુજરાતમાં રાજકીય ભેલાણ કરવા માગે છે અને એમાં અત્યાર સુધીની સ્થિતિએ પ્રજામાં, મીડિયામાં કે રાજકીય વર્તુળોમાં તેઓ જોઇએ એવા ક્લિક થઈ રહ્યા નથી, ત્યારે (નાહકની) ચર્ચામાં રહેવાના ઈરાદા માત્રથી આવા ગોળા ગબડાવવામાં આવી રહ્યા હોવાની પ્રાથમિક રીતે છાપ ઉપસી રહી છે. પોતાના મિશનમાં સફળ થઇ રહેલા વ્યક્તિએ આવાં કોઇ ગતકડાં કરવાની જરૂર હોતી નથી એ વાત સર્વવિદિત છે. સફળતા ભણી આગળ વધી રહેલી વ્યક્તિ પોતાની રીતે ગતિમય રહેતી હોય છે. આડાં અવળાં આવાં ફાંફાં મારવાની એને જરૂર હોતી નથી. કેજરીવાલ આજકાલ બહુ ફાંફાં મારે છે એ શું દર્શાવે છે? એ સુપેરે જાણે પણ છે કે હું આવી વાત કરીશ તો ભાજપ એટલે કે નરેન્દ્ર મોદી એ રીતે કદી વર્તવાના નથી. એ ક્યારે કેવો નિર્ણય કરે એનું કોઇ કરતાં કોઇ અનુમાન કરી શકે એમ નથી. છતાં આવાં અટકચાળાં એમની સાયકોલોજિકલ ડિસ્ટર્બ સ્થિતિ દર્શાવે છે. આવાં અનેક ઉચ્ચારો કરવા માટે કેજરીવાલ અને એમની પાર્ટી સુવિખ્યાત છે. કેજરીવાલ એન્ડ પાર્ટીના આવા કંઇક દાવા ભૂતકાળમાં ખોટા પણ પડેલા છે. ગુજરાતમાં વહેલી ચૂંટણી થશે એવી વાત કેજરીવાલે કરી હતી, જે સાવ ખોટી પુરવાર થઇ રહી છે. હાલની સ્થિતિએ તો લાગે છે કે રાજ્ય વિધાનસભાની ચૂંટણી સમયસર જ થશે. ભલે એવું કહેવાતું હોય કે દિવાળી પછી નવા વર્ષમાં વિધાનસભા ભંગ કરવાની જાહેરાત થશે અને નવેમ્બરમાં જ ચૂંટણી થશે. પરંતુ સત્તાધારી પક્ષને હાલમાં તેની કોઇ ઉતાવળ હોય એવું લાગતું નથી. જ્યાં સુધી કેજરીવાલની પાર્ટીના આવા જુમલાઓની વાત છે, તો ગયા માર્ચ મહિનામાં કેજરીવાલે એવું ટ્વિટ કર્યું હતું કે શું લક્ષદીપના એડમિનિસ્ટ્રેટર પ્રફુલ્લભાઇ પટેલને દિલ્હીના નવા લેફ્ટેનન્ટ ગવર્નર બનાવવામાં આવી રહ્યા છે? ગયા એપ્રિલ મહિનામાં કેજરીવાલના પહેલા આસિસ્ટન્ટ મનિષ સિસોદિયાએ એવો ગોળો ગબડાવ્યો હતો કે કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરને હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી પદે બેસાડવામાં આવી રહ્યા છે. ગોવાની વિધાનસભાની ચૂંટણી વખતે પણ સિસોદિયાએ ગોવાના મુખ્યમંત્રી પ્રમેદ સાવંતને ખસેડવામાં આવી રહ્યા હોવાનું કહ્યું હતું.આ બધું ખોટું પુરવાર થયું. આમ છતાં કેજરીવાલ અમિત શાહવાળું ગતકડું શા માટે કરી રહ્યા છે એ ખુદ ઘણા બધા ભાજપવાળાઓને પણ સમજાય નહીં એવું છે. આમેય કેજરીવાલનું રાજકીય કેરેક્ટર કંઇક લોકો સમજી ન શકે એવું છે. એટલે જ ભાજપનાં વર્તુળોમાં મુંગેરીલાલનાં હસીન સપનાંની પેલી ઉક્તિ આજકાલ વધુ બોલાઇ રહી છે. જ્યાં સુધી અમિત શાહવાળી વાતનો સવાલ છે, કેજરીવાલનાં નિવેદનોને કોઇ ગંભીરતાથી લેતું નથી ને હવે ભવિષ્યમાં પણ લેશે નહીં એવું લાગી રહ્યું છે. સવાલ એ છે કે કેજરીવાલ આવું શા માટે કરે છે? આના પછી હવે તો લાગી રહ્યું છે કે અમિતભાઇ બમણા જોરથી ગુજરાતની ચૂંટણીમાં ખાબકશે. કેજરીવાલને વધુ ટાર્ગેટ પણ કરી શકે છે.

આમઆદમી પાર્ટીએ હમણાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે પોતાના 10 ઉમેદવારોનાં નામો જાહેર કર્યાં. જોવાની વાત એ છે કે એમણે જે કોઇ પહેલ કરી હશે, પણ એની જોઇએ એવી ને એટલી નોંધ ન મીડિયામાં લેવાઇ કે ન રાજકીય વર્તુળોમાં પણ લેવાઇ. એનું કારણ એ છે કે આમઆદમી પાર્ટીને અત્યાર સુધીની સ્થિતિએ ગુજરાતમાં બહુ સિરીયસલી લેવાતી નથી. રાજકીય રીતે સફળ થવાના પણ કેટલાક પરંપરાગત માપદંડો હોય છે. એમાંનો એક માપદંડ પણ જે તે વ્યક્તિ કે પાર્ટીની આ પ્રકારે લેવાતી નોંધ પણ ગણવામાં આવે છે. હમણાં સર્જાયેલા બોટાદ-બરવાળાના લઠ્ઠાકાંડનો રાજકીય લાભ લેવાની આમઆદમી પાર્ટીએ ઘણી કોશિશ કરી. ખુદ કેજરીવાલ લઠ્ઠો પીનારા દારૂડિયાઓની ખબર કાઢવા છેક ભાવનગરની સિવિલ હોસ્પિટલમાં પણ આંટો દઇ આવ્યા, પણ આમઆદમી પાર્ટીની કોઇ દાઢ ગળી હોવાનું લાગ્યું નહીં. લઠ્ઠાકાંડ કે કેમિકલકાંડનો વિવાદ એકાદ બે દિવસ ચગ્યો, પણ પછી બધું જાણે લઠ્ઠામાં પડી ગયું હોય એમ ઠરી ગયું. દારૂડિયા લોકોનો જાણે પક્ષ લેવાતો હોવાની છાપ ઉપસવા લાગતાં કેજરીવાલની પાર્ટી અને કોંગ્રેસ બંનેય આ લઠ્ઠાકાંડના મામલે બેકફૂટ થઇ ગયા. કેજરીવાલની કેટલી રાજકીય પહોંચ છે, તેની પણ આ એક પારાશીશી છે. પરંતુ જોવાની વાત એ છે કે ભાજપ જેવી દિગ્ગજ પાર્ટી કેજરીવાલની પાર્ટીથી ગુજરાતમાં ઘણે અંશે ડરે છે જરૂર. ગુજરાતના નવા મુખ્ય મંત્રીના નામકરણના આ વિવાદમાં એવો સવાલ સપાટી પર આવ્યા વિના રહેતો નથી કે ખરેખર ભયભીત કોણ? ભાજપ કે આમઆદમી? લોકો એટલે આમઆદમી મોંઘવારીથી ડરે છે, પણ હિન્દુત્વની દાંડી પર ભાજપનું કમળ ખીલેલું રહે એવું ઇચ્છે છે. લોકોને કેજરીવાલની પાર્ટી કે કોંગ્રેસ બેમાંથી કોઇ પર ભરોસો નથી, જેટલો ભાજપ પર છે. સૌ સમજે છે કે આયેગા તો મોદી હી. મોદી હૈ તો મુમકીન હૈ.

આમ છતાં જોઇએ તો આમઆદમી પાર્ટીના મામલે ભાજપ ઘણું ફૂંકી ફૂંકીને પી રહ્યો છે. કોઇ કસર છોડવા માગતો નથી. જો કે એનો અર્થ એવો નથી કે ભાજપને આમઆદમી પાર્ટીનો જરાય ભય નથી. એનું કારણ એન્ટિઇન્કમ્બન્સીની કિનારને ગ્રાસરૂટ લેવલે કેટલેક અંશે પકડવામાં આમઆદમી પાર્ટીવાળા સફળ જરૂર થઇ રહ્યાનું જણાય છે. જો કે એમાં એમના જે તે લેવલના કાર્યકરો અને એમની વ્યક્તિગત પહોંચ વધુ કારણભૂત છે, નહીં કે કેજરીવાલની ખુદની રાજકીય ઇમેજ. આ તો ભાજપની કોઇ નીતિરીતિ કે એમના જે તે સ્તરના નેતા થકી કોઇ નારાજી કે અણગમો હોય તો એના વિકલ્પ રૂપે ઘણાં લોકો આમઆદમી પાર્ટીની સામું જોવા લાગ્યા છે, એટલે જરી વધુ ક્રાઉડ દેખાઇ રહ્યું છે. એટલે આમઆદમી પાર્ટીએ આવાં ગતકડાં કાઢીને બહુ ખુશખુશાલ થઇ જવા જેવું તો નથી જ.

બાકી જ્યાં સુધી કોંગ્રેસનો સવાલ છે, હમણાં બે માજી સાંસદો નરેશભાઇ રાવલ અને રાજુભાઇ પરમારે કોંગ્રેસમાંથી નારાજીનામાં ધરી દીધાં, એ ક્રમ શું દર્શાવે છે? કોંગ્રેસના ઘણા ધારાસભ્યો ભાજપમાં જોડાવાની લાઇનમાં ઊભેલા છે, એવા થઇ રહેલા પ્રચારની વચ્ચે ઉપરોક્ત બે નેતાઓએ એકાએક રાજીનામાં આપી દીધાં છે. જોવાની વાત એ છે કે એમણે ભાજપમાં જોડાવાના સંદર્ભનો નિર્દેશ આપ્યો છે, આમઆદમી પાર્ટી માટેનો નહીં. આ બાબત પણ ઘણું કહી જાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

## મફતની રેવડીજ મીઠી લાગે

તાજેતરમાં પ્રધાનમંત્રી મોદીએ યુ.પી.માં એક જાહેર સભાને સંબોધતા મફત વસ્તુઓ ત્થા વિજળી-પાણી-બસ સુવિધા જેવી સેવાઓ મફત પુરી પાડવાના કેજરીવાલ જેવા વિપક્ષી નેતાના એલાનો અને નિષ્ઠાભર્યા પ્રયત્નોથી ભડકી જતા જાહેર સભાને ‘મફતમાં રેવડી’ વિકાસ માટે ખતરનાક હોવાનું જણાવ્યું જે 17/7ના ગુજ.મિત્રમાં પ્રથમપાને હેડીંગ બન્યું છે. પરંતુ દીવા જેવી સ્પષ્ટ વાત પ્રજાને દેખાય છે કે 2014માં 15/15 લાખની ‘મફત રેવડી’ આપવામાં જૂઠાં વાયદાઓ કરીનેજ તેઓ પ્રધાનમંત્રીની ખુરશીમાં ચઢી બેઠાં છે ! હવે વિપક્ષોના પ્રજાને રાહતો આપવાના ચુંટણી વચનો એમને ખતરનાક લાગે છે ? હકીકત એ છે કે જ્યાં જ્યાં ભાજપનું શાસન છે ત્યાં મોદી સાહેબના મળતીયાઓને અને અદાણી જેવા મિત્રોને વિજળી-પાણી-શિક્ષણ-રોડ રસ્તાઓ બનાવવાના અને સેવાઓ પુરી પાડવામાં જંગી કોન્ટ્રાકટ અતિ ઊંચા ભાવે આપી પ્રજાને લૂંટવામાં આવે છે. જો વિપક્ષો આવી સેવાઓ મફત કે રાહતદરે પુરી પાડવા માંડે તો એમના મિત્રોના ધંધા બંધ થઈ જાય એમ છે. તેથી મોદીજી અને ભાજપના નેતાઓ ભડકીને ઘાંઘા થયા છે. હાલમાંજ 21/7ના રોજ સુરતમાં પ્રેસ કોન્ફરન્સમાં કેજરીવાલે ગુજ.ની પ્રજાને 300 યુનિટ સુધીની વિજળી મફત આપવાની જાહેરાત કરી છે. મારા જેવા લાખ્ખો સામાન્ય વર્ગના માણસો માટે એ મોંઘવારીમાં આશીર્વાદરૂપ બને કેમકે મારો વિજ વપરાશ 200/250 યુનિટ છે જેનું બીલ મારે 2000 થી 2500 સુધી ભરવું પડે છે જે બચત થતાં દર બે મહીને 1 તેલનો ડબ્બો હું પરીવાર માટે ભરાવી શકું મારે બીજું શું જોઈએ ? મોંઘવારીમાં આ રાહત જેવી તેવી થોડી છે ?

**સુરત - જીતેન્દ્ર પાનવાલા**

## ઓલ્ડ ઈઝ ગોલ્ડ

‘જૂનું એટલું સોનું’ આ કહેવત જાણીતી છે. આજના મોર્ડન અને વૈજ્ઞાનિક યુગમાં પ્રાશ્ચાત સંસ્કૃતિ તરફ ઢળેલા યુવાનો આ કહેવતમાં યકીન ધરાવતા નથી. આ યુવાનો ઉપરની કહેવતમાં શ્રધ્ધા રાખનારને જૂનવાણી-રૂઢીચુસ્તો માને છે. આ તેઓની અણસમજ અપરિપકવતા, નાદાની, બુઝુર્ગો પ્રત્યે સુગ લાગણીહીનતા, ગરૂદી દર્શાવે છે. બુઝુર્ગો વડીલો વૃધ્ધો પાસે જ્ઞાન, અનુભવ, નિર્ણયશકિત, દીર્ગદ્રષ્ટિ તટસ્થતા, સંયમ, પ્રેમ, જમાનાની લીલીસુખી જેવા ઉદ્દાત ગુણો છે. બુઝુર્ગોને તરછોડવાને બદલે એમને સન્માન, પ્રેમથી નવાઝો, એમના દિલની દુઆથી આપના સહુના કામો પાર થશે. આપણામાં ઈચ્છા શકિત નિર્ણયને બળ મળશે. બુઝુર્ગોનો આપના ઉપર હંમેશા સદા સુખી રહો સંપન્ન રહો પ્રગતિ કરો, ઈશ્વર અલ્લાહની તમારા ઉપર કૃપા આશીર્વાદ રહો આ તેઓના મીઠા પ્રેમભરા બોલ છે. ઓલ્ડ ઈઝ ગોલ્ડ એ ભારતીય સંસ્કૃતિની શીખ છે. ભારતની સદા જય હો.

**સુરત - મોહસીન એસ. તારવાલા**

## ટાવર પણ ઐતિહાસિક છે, તેને સાચવો

સુરત મહાનગરપાલિકા ઐતિહાસીક મિલકતોની જાળવણી માટે કરોડો રૂા. ખર્ચે છે. દાખલા તરીકે ગોપી તળાવ, કિલ્લાનું રીનોવેશન કરી કરોડો રૂા. ખર્ચ્યા છે. પરંતુ મસ્કતી હોસ્પિટલ પાસે આવેલ વર્ષો જુની સુરતની ઐતિહાસીક ટાવરની ઘડીયાળના સેલ અથવા તો ઘડીયાળનો ટાઈમ ચાલુ રાખવાની કોઇ કાર્યવાહી કરતુ નથી. કારણ કે ઘડીયાળને ચાલુ રાખાવના ખર્ચામાં કોઈને કશો વ્યવહાર મળવાનો નહીં હોય જેથી કોઇ અધિકારી યા સંસદ સભ્યને તેમાં રસ નહીં હોય એમ લાગે છે.

**સુરત - મહેશ પી. મહુવાગરા**

## ખુલ્લા બોરવેલ તાકીદે બંધ કરાવો

સમયાંતરે આપણે ત્યાં ખુલ્લા બોરવેલમાં પડી જતાં બાળકોના સમાચારો પ્રગટ થતા રહે છે. પાણીને, જમીનના પેટાળમાંથી કાઢવા માટે બોરવેલ બનાવવામાં આવે છે. એમાં એકાદ ફૂટના વ્યાસની લોખંડની પાઇપ, મશીન વડે જમીનમાં ઉતારવામાં આવે છે. બોરવેલ બનાવ્યા પછી, પાઇપનું જમીન ઉપરનું મોંઢું ખુલ્લું જ રાખવાની બેદરકારી ઘણા મોટા પ્રમાણમાં દાખવવામાં આવે છે અને એમાં રમતાં રમતાં અજાણ્યાં નાનાં બાળકો પડી જાય છે. ‘પ્રિન્સ’ જેવાં ખૂબ ઓછાં ભાગ્યશાળી બાળકોને મહામહેનતે બચાવી લેવામાં આવે છે. જયારે મોટા ભાગનાં બાળકો, ગૂંગળામણથી મૃત્યુ પામે છે. આવા બનાવો ભારતભરમાં બનતા રહે છે. માટે ભારત સરકારે એક વટહુકમ બહાર પાડવો જોઈએ કે, પ્રત્યેક ગામ કે શહેરમાં આવા ખુલ્લા બોરવેલને તાકીદે, રેણ કરીને બંધ કરી દેવા જોઈએ. બોરવેલ જ નહિ, અવાવરુ, પાણીવાળા કે સુક્કા નકામા થઇ ગયેલા કૂવાઓને પણ પૂરી દેવાના હુકમો કરવા જોઈએ. ગામડામાં ગામના સરપંચોને આવા ખુલ્લા બોરવેલ અને અવાવરુ કૂવાઓ બંધ કરાવવાની કામગીરી સોંપવી જોઈએ. આમ ના થાય તો, ખુલ્લા બોરવેલ તથા ખુલ્લા પણ નકામા કૂવાઓ જણાઇ આવે તો, એમને ભારે દંડ કરવાની કાયદાકીય જોગવાઇ હોવી ઘટે.

**સુરત - બાબુભાઈ નાઈ**

## આણંદમાં બેસી ‘ગુજરાતમિત્ર’ માણવાનો આનંદ

અમે બંને મૂળ સુરતના હું 1961 થી વડોદરા અને પછી આણંદ હોસ્પિટલ ચલાવવા) આવ્યો, જ્યારે પન્ના સુરત અંગ્રેજીની વ્યાખ્યાતાની નોકરી છોડી મને પરણવાના અને પછી પેટભર પસ્તાવા ! વડોદરા આવી. મૂળ વાત પર આવું : અમારો તબીબ દીકરો રવિવારે અચૂક ‘‘મિત્ર’’ લઈ આવે. પૂર્તિના ઉમદા લેખોને વખાણવા મારી પાસે પૂરી અભિવ્યકિત નથી. પણ એક્સેલન્સ - અદ્દભૂત. સવારે દીકરો વાંચે, રાત્રે હું વાંચુ અને પછી લેખો કાપી પરબિડીયામાં મોટી દીકરી (42 yrs) ને પુના રવાના કરું.

**- ડો. મહેશ ટી. દેસાઈ**

## વનસ્પતિનો મહિમા ઘણો છે

તા. 27.7.22 ના ‘ગુજરાતમિત્ર’ની દર્પણ પૂર્તિમાં એક સમુદ્ર અનેક કિનારા કોલમમાં નરેન્દ્ર જોશીનો સતી વનસ્પતિ શીર્ષક હેઠળનો લેખ વાંચી લખવા પ્રેરાયો. તેમણે લજામણીના છોડ વિષે વાત કરી છે. એ છોડને સ્પર્શ કરતાં એ છોડ શરમાતો હોય તેમ એના પાન બીડાઈ જાય છે. આ ઉપરાંત એમણે ઈન્ડોનેશિયા અને ઓસ્ટ્રેલિયામાં જે જંગલી અને ઝેરીલી જિમ્પી જિમ્પી નામની વનસ્પતિ થાય છે એની વાત કરી છે. એનાં પાન અને ફળ પર પણ રૂંવાટી હોય છે. એને સ્પર્શ કરતાં શરીરમાં ખંજવાળ ઉત્પન્ન થાય છે. આપણા શરીર પર ફોલ્લા પડે છે. શરીરના રોમેરોમમાં અગન બળે છે. આ છોડને સ્પર્શ કરવાથી આપણા શરીરમાં ઝેરી અસર થાય છે. છોડની નજીક ઊભા રહેવાથી પણ રૂંવાટી શ્વાસમાં જાય તો ઝેરી અસર થવા માંડે છે. લાલ પગવાળા કાંગારુ એ છોડ પર નભે છે. કેટલાંક પક્ષીઓ એનાં ફળ ખાય છે. તેઓ ઝેરને પચાવી શકે છે. માનવજાતને માટે આ છોડ ખતરનાક જોખમી છે. સુંદર લેખ રજૂ કરવા બદલ લેખકને અભિનંદન. જયારે વનસ્પતિની વાત નીકળી છે તો વર્ષો પહેલાં નવનીત મેગેઝીનમાં મેં વાંચ્યું હતું કે એક એવી વનસ્પતિ છે કે તે શિકાર પણ કરે છે. કોઇ પ્રાણી એ વૃક્ષની નીચે આવે તો એની ડાળી પ્રાણીને વીંટળાઇ વળે છે અને પ્રાણી મૃત્યુ પામે છે. કેટલાંક વૃક્ષો ખસે છે, ચાલે છે. કેટલાંક વૃક્ષો સંગીત આપે છે તો કેટલાક પ્રકાશ પણ આપે છે. લક્ષ્મણ બેભાન થયા ત્યારે શ્રી હનુમાનજી સંજીવની બુટ્ટી લાવ્યા હતા તેની વાત રામાયણમાં આવે છે. વૈદ્ય, હકીમો વનસ્પતિમાંથી ઘણા પ્રકારની દવા પણ બનાવે છે. આમ વનસ્પતિ અનેક રીતે ઉપયોગી પણ છે. વનસ્પતિનું જતન કરવું જરૂરી જ નહીં, અનિવાર્ય છે. વૃક્ષનાં પાન ડાળી અને મૂળ દરેક બાબત ઉપયોગી છે. એ જીવંત હોય ત્યારે ઉપયોગી અને મૃત્યુ પામે ત્યારે પણ ઉપયોગી છે.

**નવસારી - મહેશ નાયક**